Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

દોહરો

આત્મવૃત્તિ નિર્મળ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૪ થું. વિક્રમ સંવત ૧૯૬૨—આશ્વિન. અંક ૩ જો.

## વૈરાગ્ય પચ્ચીશી.

### આવરદા વ્યર્થ વિતાવી. એ રાગ.

અથવા, કુમતાને જાદુજારા જય ઋષભજિણંદ જુહારા. એ રાગ.

રાગ સારંગ.

શું સુખ મળ્યું અવનીમાં જરીજો વિચારી ધરી ધ્યાન, પ્રાણી;
શું સુખ૦ એ આંકણી.

તૃષા શમવવા પાન કિયો, વળી નિદ્રા થાક શમવવા;
ક્ષુધા શમવવા ભોજન કીધો, નારી કામ શમવવા. શું સુખ૦ ૧
ઇંદ્રિયવશ ઘેલો બની ધાયો, નાટક પ્રેક્ષણા જોયા;
ઇંદ્રિય વશ રહી નહિ ચેતન તુજ, ફોકટ નરભવ ખોયા. શુ સુખ૦ ૨
ગંદી દેહ સ્ત્રી સંગે મોહ્યો, પ્રેમે પલંગમેં સોયા;
આયુ પૂર્ણ થયે અંતકને જબ નીરખ્યા તબ રોયા. શું સુખ૦ ૩
કૂડ કપટ કર માયા જોડી, ક્રોધ વશે ધમ ધમીયો;
કામ વશે નહિ ચેન પડે કુચ્છ; વાદ વદી દિન ખોયા૦ શું સુખ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું છું કોણ સંબંધ શું મારો, દુનિયા સાથ જડયો છે;
નહિ વિચાર કર્યો દિન કોઇ, અંધોઅંધ પળ્યો છે. શું સુખ૦ ૫
સ્વાત્મ ધ્યાન તજી નિત્ય ધ્યાયા, રંગ રાગ રસ લલના;
સ્પર્શ્યો નહિ વૈરાગ્ય ઘડી, ભારે કર્મી મતિ હીણા. શુ સુખ૦ ૬
ભ્રમથી ભાન ભૂલી ભોળા શું, દુઃખને સુખ કરી માને;
આતમ સુખ અળગું મૂકી, મિથ્યા સુખમાં કાં માણે; શું સુખ૦ ૭
તરણ તારણ પ્રવહણસમ, આણા જિનની નહિં પાળી;
આપ મતે અવળાઇ કરી, પ્રભુ આણા તુજ ઉત્થાપી. શું સુખ૦ ૮
શાંતિ શાંતિ જપે જીભેથી,, અંતર ભ્રાન્ત ન પડીઓ;
ટીલા ટપકા કરી બહુ માળા, ફેરવી ફેરા ફરીઓ. શું સુખ૦ ૯
પ્રભુ પૂજા તે આતમ પૂજા, ભાવ એવો નહિ આવ્યો;
પૂજતાં પૂજતાં આંગળી ઘિસ ગઇ, (પણ) ઉચ્ચ દશા નહિ પાયો.
શું સુખ૦ ૧૦
સુખ મેળવવા મૃગજળ માફક, દૂર દૂર જઇ નાઠો;
અંતરમાં સુખ; શાને નાસે જ્યમ, કસ્તુરી મૃગ ફરી થાકયો. શું૦ ૧૧
પ્રભુ કૃપાએ દિન એવો એક, કયારે આવી ચડશે;
હાસ્ય રતિ ભય શોક થઈ દૂર, મોક્ષ વધૂ કર પડશે. , શું૦ ૧૨
તુચ્છ મિથુન ઇચ્છા ચોરી વળી, હિંસા અનીતિ વગેરા;
તસ્કર આત્મ ધન કેરાનું જોર થશે ઝટ જેરા. શું સુખ૦ ૧૩
સત્યાસત્યનો ભેદ ન જાણ્યો, મિથ્યા મમતમાં માચ્યો;
મારૂં મારૂં કરી મૂરખ તું, જઇ આંખરમાં ખૂંચ્યો. શું સુખ૦ ૧૪
ખુશામત કરી પેટને કાજે, હાજી હાજી ભણીઓ;
પાપી પેટથકી મુરખડા, પાપ પોટ શિર ધરીઓ. શું સુખ૦ ૧૫
જળ તરંગ જ્યમ આયુ ચંચળ, અંજળી જળ વત વહેતું;
શુભ મારગમાં ખરચી જીવન, માનવ ભવફળ લે તું. શું સુખ૦ ૧૬
જાણે છે જે કાયા મુજપર, કર્મ રાજની સ્વારી;
કાં ઉદ્યમ કરતો નથી ચેતન, મતિ તુજ શું ગઇ મારી ? શું સુખ ૧૭
પ્રિયા અધર પલ્લવ ચુંબન કરી, કાળ અનાદિ કાઢયો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે તો સમજી મન મૂરખ, માર્ગ શોધ કાંઈ સારો. શું૦ ૧૮
હાટ હવેલી બાગ બગીચા, બાહ્ય રિદ્ધિ થકી ધાયો;
આત્મ રિદ્ધિ અનંત અંતરમાં, ખોજ વિના ભવ ગાળ્યો. શું૦ ૧૯
મોહ નિસો તજી જાગી ચેતન, જ્ઞાન નેત્ર ઉઘાડી;
જો, ક્ષણભર શું છે સૃષ્ટિ આ ? શી બની સ્વારથ બાજી. શું૦ ૨૦
ભાઈ કહે પિતરાઇ કહે કઇ, કઈ કહે કાકા મામા;
માત પિતા ભગિની કહે કઇ વળી, સ્વારથ સબ ભામા. શું૦ ૨૧
આવ્યો એકલો જાવું એકલા, ક્ષણભંગુર ભવ મેળો;
તારી ગતિને તુંહી સુધારે, કો નહિ આવે ભેળો. શું સુખ૦ ૨૨
વિરાગી થા કાં વ્યવહારી, જેવી મરજી તારી;
પણ અધવચ લટકયે થાશે, ધોબી કુત્તા સમભાઇ. શું સુખ૦ ૨૩
શુદ્ધ વિરાગી શુદ્ધ વ્યવહારી, બનવા ઉદ્યમ કરવો;
નીચ સ્વભાવ અનીતિ ઇર્ષ્યાને, દેહ વિષે નહિ ધરવો. શું૦ ૨૪
હર હમેશ ચિત્ત કોમળ રાખી, પર ઉપકારજ કરવો;
નૃપશશિ કહે, નહિ પર ઉપદેશે, પંડિતાઇ ધરી કરવો. શું૦ ૨૫

**શા. રાયચંદ કસળચંદ,**

બનારસ જૈન પાઠશાળા.

# પરિગ્રહ પીડા.

**असंतोपमविश्वासमारंभं दुःखकारणम् ।**
**मत्वा मूर्छाफलं कुर्यात् परिग्रहनियंत्रणम् ॥ १ ॥**

**श्रीमद्हेमचन्द्राचार्य ।**

કોઇપણ પદાર્થ ઉપર મૂર્છા રાખવી તેનું ફળ અસંતોષ, અવિશ્વાસ અને આરંભ થાય છે, તે બધાને દુઃખના કારણ માનીને દરેક શ્રાવકે પરિગ્રહનું પ્રમાણ કરવું જોઇએ. ”

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્ર સૂરિ આ શ્લોકથી પરિગ્રહને માટે કેવો ઉત્તમ ઉપદેશ આપે છે? અસંતોષ, અવિશ્વાસ અને આરંભ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ ત્રણ વસ્તુ દુઃખનું કારણ છે, એ ખરેખર છે. મનોવત્તિમાં રહેલ અસંતોષ શલ્યની જેમ સાલેછે. અસંતોષ ચિંતાનું ઉત્પાદક છે. જ્યાં સુધી સંતોષ થાય નહિ ત્યાં સુધી ચિંતાનો પ્રવાહ હૃદયને બાળ્યા કરેછે. અને તેને લીધે વારંવાર અશુભ ધ્યાન થયા કરે છે કે જે અશુભ ધ્યાન આત્માને અધોગતિએ પહોંચાડે છે. એક અસંતોષ ને લીધે આટલો બધો અનર્થ થાય છે, તો તે અસંતોષ શામાટે દૂર ન કરવો? તેને દૂર કરવાનો ઉપાય એકજ છે. તે એ કે પરિગ્રહની મૂર્છાનો ત્યાગ કરવો જોઇએ.

આર્હત શાસ્ત્રમાં અસંતોષને માટે ઘણું લખાયેલું છે. અસંતોષ રૂપ અગ્નિએ ઘણાંના મનોબલને દગ્ધ કર્યા છે. અસંતોષ રૂપ મહાસાગરમાં ઘણા પુરૂષો મગ્ન થઈ પીડાયા છે. અસંતોષ રૂપ મોટા ખડકની સાથે અથડાઇને અનેક સંસાર રૂપ વહાણો તુટી ગયા છે. તેવા અસંતોષને દૂર કરી સંતોષવૃત્તિ ધારણ કરવી, એજ આ માનવ જીવનની સાર્થકતા છે. સંતુષ્ટ હૃદયનો આનંદ અલૌકીક છે. એ આનંદને અનુભવ કરનારા મહાશયોએ પોતાના જીવન પ્રવાહ માં જે સુખ સંપાદન કર્યાં છે, તે સુખ અનિર્વચનીય છે. સંતોષના મહાત્મ્યને પ્રગટ કરવાને વિદ્વાનોએ તિર્યંચના દષ્ટાંતો પણ આપ્યાંછે. સર્પના જેવું ક્રુર પ્રાણી સંતોષના ગુણથી પ્રશંસા પાત્ર ગણાય છે. સર્પને જ્યારે કાંઇપણ ભક્ષ મળતું નથી, ત્યારે તે વાયુનો આહાર કરી તેમાંજ સંતુષ્ટ થઇ પોતાનો નિર્વાહ કરે છે. વાયુના પુદ્ગલો ઉદરના પોષક થઇ શકતા નથી, અને તેથી જોઇએ તેવી તૃપ્તિ થતી નથી, તથાપિ સર્પ તેથી સંતોષ માનીને આનંદ મગ્ન થાય છે. તેવી રીતે જે મળે તેનાથી સંતોષ માની રહેવાથી અતુલ આનંદ પ્રાપ્ત થાય છે. સંતોષને માટે સાહિત્યકારો નીચેનું મનન કરવા યોગ્ય પદ્ય વારંવાર ઉચ્ચારે છે.

" सर्पाः पिबंति पवनं न च दुर्बलास्ते
शुष्कै स्तृणैर्वनगजा बलिनो भवंति ।
कंदैः फलैर्मुनिवराः क्षपयंति कालं

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



संतोष एव पुरुषस्य परं निधानम् " ॥ १ ॥

"સર્પ પવનનું પાન કરે છે, તથાપિ તે દુર્બલ થતા નથી. વનના હાથીઓ શુકા ઘાસથી બલવાન્ થાય છે અને મુનિઓ કંદ ફલ વડેજ પોતાનો કાલ નિર્ગમન કરે છે તેથી પુરૂષને સંતોષ રાખવો એજ મોટો નિધાન છે."

મૂર્છાનું બીજું ફલ અવિશ્વાસ છે. કોઇપણ પદાર્થ ઉપર મૂર્છા થઇ હોય તો પછી તે પદાર્થને માટે હંમેશાં અવિશ્વાસ રહ્યા કરે છે. "રખે આ મારા પદાર્થને કોઇ લઇ જશે અથવા કોઇ કારણથી તેનો નાશ થઇ જશે" આવા વિચારથી જે અવિશ્વાસ ઉદ્ભવે છે, તે અવિશ્વાસી હૃદયને મહા દુઃખનું કારણ થઈ પડે છે. અવિશ્વાસને લઇને હૃદયની આધિ વધતી જાય છે. અને આધિની સાથે ઉપાધિ તથા વ્યાધિ રહેલાજ હોય છે. તેથી કરીને પરિગ્રહના સંબંધથી ઉત્પન્ન થયેલા અવિશ્વાસનો સર્વથા ત્યાગ કરવો જોઇએ.

મૂર્છાનું ત્રીજું ફળ આરંભ છે. કોઈ પણ કાર્યનો આરંભ કરવો, એ પરિગ્રહની મૂર્છાને લઇને થાય છે. આરંભને માટે આર્હત શાસ્ત્રમાં અનેક દોષ કહેલા છે. પરિગ્રહના પ્રેમને લઇને અનેક જાતના હિંસામય આરંભો કરવામાં આવે છે. જે આરંભને લઇને માનસિક ચિંતાની વૃદ્ધિ થતી જાય છે અને એ વૃદ્ધિને લઇને દુર્ધ્યાન ઉત્પન્ન થવાથી આત્માનો અધઃપાત થાયછે.

આ પ્રમાણે અસંતોષ, અવિશ્વાસ અને આરંભ એ ત્રણ વસ્તુ પરિગ્રહને લઇને દુઃખદાયક છે, એમ સમજી ભવિ પ્રાણીએ પરિગ્રહની નિયંત્રણા રાખવી એટલે પરિગ્રહનું પ્રમાણ કરવું, જેથી એની પીડા વૃદ્ધિ ન પામે. કદિ કોઇ શંકા કરે કે, દુઃખનું કારણ તો મૂર્છાનું ફલ, છે, તો પરિગ્રહની નિયંત્રણા શા-માટે કરવી ? તેના ઉત્તરમાં એટલુંજ કહેવાનું કે, પરિગ્રહ પણ મૂર્છાનું કારણ હોવાથી તે મૂર્છાજ છે. સૂત્રકારોએ મૂર્છાનેજ પરિગ્રહ કહેલ છે. તેને માટે તેઓ કહે છે કે, "મમતા વિનાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસ વસ્ત્રાભૂષણોથી ભૂષિત હોય, તોપણ તે પરિગ્રહ વિનાનો છે અને મમતાવાળો માણસ નગ્ન હોય તોપણ તે પરિગ્રહધારી છે. અહિં મમતાનો અર્થ મૂર્છા થાય છે. તે મૂર્છાજ ખરેખર પરિગ્રહ છે, તેને માટે નીચેની ગાથા ગવાય છે—

**न सो परिग्गहो वुत्तो,, नाइपुत्तेण ताइणा ।**
**मुच्छा परिग्गहो वुत्तो, इइवुत्तं महेसिणा ॥ १ ॥**

"જ્ઞાતપુત્રે (મહાવીર પ્રભુએ) કહ્યું છે કે, મૂર્છા—મમતા તેજ પરિગ્રહ છે. "એમ મહર્ષિઓ કહે છે. ૧.

આ ઉપરથી સાબીત થાય છે કે, પરિગ્રહની પીડા મમતા-મૂર્છાને લઇને વધે છે. જે માણસની મનોવૃત્તિમાં મૂર્છા પ્રગટ થઇ તેણે સમજવું કે, હવે તેનું જીવન એક તૃણ સમાન થઈ ગયું છે. જે જીવનને માટે વિદ્વાનો પોકાર કરી જણાવેછેકે, ભવિ જનો, તમને ઘણાં પુણ્યના યોગથી આ માનવ જીવન પ્રાપ્ત થયું છે, એ જીવનને જગતમાં ચિંતામણિની ઉપમા પ્રાપ્ત થઇ છે. તેથી તે અત્યંત દુર્લભ છે, આવા ચિંતામણિ સમાન દુર્લભ જીવનની જો સાર્થકતા કરવી હોય તો તમે પરિગ્રહની મહાન્ પીડાથી દૂર રહેજો. જો કદિ કર્મયોગે પરિગ્રહના જટિલપાશમાં તમે સપડાઇ ગયા તો પછી તમારા જીવનનો તેમાંથી ઉદ્ધાર થવો મુશ્કેલ છે. પરિગ્રહની સાથે સંબદ્ધ થયેલી મૂર્છા તમારા હૃદયની આસપાસ વીંટાઈ વલશે, અને તે તમારા ધાર્મિક તત્વના પવિત્ર જીવનને આચ્છાદિત કરી નાખશે.

પરિગ્રહથી કેવા દોષ બને છે અને તેનો ત્યાગ કે પરિમાણ કરવાથી કેવો લાભ થાય છે તે સમજવા માટે એક નિચેનું સુબોધક દૃષ્ટાંત મનન કરવા યોગ્ય છે—

કોઇ એક ધાર્મિક વૃત્તિવાળો ગૃહસ્થ પરિગ્રહની પીડા સમજતો હતો. પરિગ્રહની દુઃસહ પીડાનું સ્વરૂપ તેણે શાસ્ત્રદ્વારા સાંભળેલું હતું, તથાપિ કર્મયોગે એને તેનું તદન વિસ્મરણ થઇ ગયું. વ્યાપારની કળાને યોગે તે પરિગ્રહનો સંગ્રહ કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્પર થયો. મમતા–મૂર્છાના આવેશથી તેના હૃદયમાંથી પરિગ્રહ વિષેનો બોધ લુપ્ત થઇ ગયો. એક વખતે એવું બન્યું કે, કોઇ વિદ્વાન્ મુનિ તેને ઘેર આહાર પાણી લેવાને આવી ચડયા. મુનિ ઘરના આંગણામાં આવ્યા, તે વખતે તે લુબ્ધ હૃદયનો ગૃહસ્થ પોતાના ગૃહ વ્યવહારનો હિસાબ કરતો હતો. હિસાબમાં અમુક રકમ નહીં. મળવાથી તે વારંવાર તેનું ચિંતવન કર્યા કરતો હતો. ઘણીવાર ચિંતવન કર્યું, પણ તેને તે રકમ યાદ આવી નહીં. તેના વિચારમાં મગ્ન થયેલો તે ગૃહસ્થ આંગણે આવેલા મુનિને ઓળખી શકયો નહીં. મુનિ તરફ દ્રષ્ટિપાત કર્યો તથાપિ દ્રવ્યની મૂર્છાના આવેશથી તેણે મુનિને આદર આપ્યો નહીં. મુનિ ક્ષણ વાર ઉભા રહી, ચાલ્યા ગયા. મુનિને ચાલ્યા ગયેલા પણ તેણે જોયા નહીં. મુનિ દ્વારની બાહેર નીકળતા હતા, ત્યાં એક બીજો પુરૂષ સામે મળ્યો, તે પુરૂષ ગુરૂ ભક્ત હતો, તેણે મુનિને જતા જોઇ એમને વંદન કર્યું. મુનિ કાંઇપણ બોલ્યા વગર ઇર્યા-પથિકીની રીતિથી પોતાના ઉપાશ્રય પ્રત્યે આવ્યા.

જ્ઞાની અને વિદ્વાન્ મુનિઓને આદર કે અનાદર, માન કે અપમાન કાંઈ હોતું નથી. એમનાં હૃદય સંવેગ રંગથી રંગિત હોવાથી એમને ક્રોધ પણ હોતો નથી. તેથી મુનિએ જેટલો આહાર મલ્યો હતો, તેનાથી સંતુષ્ટ થઇ તે દિવસે સંયમ નિર્વાહ કરી લીધો.

અહિં જે પેલો પુરૂષ મુનિને દ્વારમાં મલ્યો હતો, તે અંદર આવ્યો. તેણે પોતાના ગૃહસ્થ–મિત્રને દ્રવ્યના હિસાબમાં મગ્ન થયેલો જોયો. તે ગૃહસ્થે આ આવનાર મિત્રને પણ સન્માન આપ્યું નહિં. પોતાના વિચારમાંજ તલ્લીન રહ્યો. એમ કરતાં ક્ષણવારે તે હિસાબનો આંકડો બરાબર મળી ગયો એટલે તે ગૃહસ્થને શાંતિ થઇ. પરિગ્રહની પીડામાંથી ક્ષણવાર મુક્ત થયો. તરતજ તેના નેત્રમાં પ્રકાશ આવ્યો અને તેણે આ પોતાના મિત્રને ઓળખી આવકાર આપ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવેલા મિત્ર–ગૃહસ્થે જરા હાસ્ય કરીને કહ્યું, કેમ ભાઇ, એવા શા વિચારમાં હતા કે હું ક્યારનો આવ્યો છું, છતાં તમે મને બોલાવ્યો નહીં. ? તમે કાંઇ પણ બોલ્યા નહિં–તેવો મહાન્ ગંભીર વિચાર શો હતો ? તે ગૃહસ્થ જરા લજ્જા પામીને બોલ્યો—પ્રિય ભાઇ, માફ કરજો, મારૂં ધ્યાન બીજે હતું. મારા હિસાબમાં એક રકમ મલતી ન હતી, તેથી હું તેની ચિંતામાં હતો. ઘણીવાર વહિનાં પાનાં જોયાં અને આંકડા મેળવ્યા પણ તે રકમ મળતી ન હતી. છેવટે હમણાંજ તે રકમ મળી અને મારી ચિંતા દૂર થઇ.


તે ગૃહસ્થના આવા વચન સાંભળી પેલો ધાર્મિષ્ટ ગૃહસ્થ વિચારમાં પડયો. "અહા ! પરિગ્રહ કેવો દુઃખદાયક છે ? આવા ધાર્મિક વૃત્તિવાળા ગૃહસ્થને પણ પરિગ્રહ કેવી પીડા આપે છે ? અરે દુઃખદાયી પરિગ્રહ, તારી શક્તિ અદ્ભુત છે. આ ત્રણ જગત તારી પ્રબલ સત્તામાં આક્રાંત છે. આ પ્રમાણે મનમાં ચિંતવી તે ગૃહસ્થે જરા આક્ષેપ કરી કહ્યું, મિત્ર, આમાં તમારો દોષ શો છે ? પરિગ્રહ એવી વસ્તુ છે કે, તેની મૂર્છામાં મહાન્ પુરૂષો પણ તણાઇ જાય છે. પરિગ્રહ રૂપ અગ્નિમાં વિદ્વાન અને ધાર્મિક પુરૂષોની બુદ્ધિ અને સદ્‌વિચારો ઇંધણાની જેમ દગ્ધ થઇ જાય છે. પણ મિત્ર, મારે એક વાત તમને અવશ્ય જણાવવી જોઇએ. ક્ષણવાર પેહેલાં તમારે ઘેર એક મુનિ ભિક્ષા માટે આવ્યા હતા, તે તમારા ધ્યાનમાં છે કે નહીં ? આટલું સાંભળતાંજ તે ગૃહસ્થ નિસ્તેજ થઇ બોલ્યો—ના, એની મને ખબરજ નથી. તેમ મારા ઘરના માણસો ઉપરના ભાગમાં હતાં, તેથી તેઓને પણ ખબર નહીંજ હોય. અરે ! મને મહાન્ દોષ લાગ્યો. મારે ઘેર ભિક્ષા માટે આવેલા જૈન મુનિ પાછા જાય, એ કેવું ખોટું ? અરે મારા જીવનને ધિક્કાર છે. મારા જેવા લુબ્ધ જનનો આ જગતમાં શા માટે જન્મ થયો હશે ? શ્રાવક જેવા ઉત્તમ કુલમાં જન્મ લઇ હું મારા જીવન રત્નને

For Private And Personal Use Only

હારી ગયો. મિત્ર, કહો, ત્યારે હવે આ પરિગ્રહની પીડામાંથી હું શીરીતે મુક્ત થાઉં ?

તે વિદ્વાન્ મિત્રે કહ્યું, પ્રિય ભાઇ, હવે અપશોષ કરવો તે યોગ્ય નથી. તે વિદ્વાન મુનિની પાંસે જાઓ અને આજથી પરિગ્રહપરિમાણનું વ્રત લઇ સર્વદા સાવધાન રહો. વળી પરિગ્રહની પીડા પ્રાપ્ત ન થાય, તેવો એક યંત્ર છે અને તેની નીચે બે કાવ્યો છે, તે માંહેલું એક કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચંદ્ર સૂરીનું સદ્બોધક કાવ્ય છે. તે યંત્ર સહિત કાવ્યને એક પાટીયા ઉપર આળેખાવી તમારા ઘરના દ્વાર ઉપર ચોડી શખજો અને હંમેશાં વારંવાર તેની તરફ લક્ષ શખી ગૃહ–વ્યવહારમાં પ્રવર્તન કરજો.

આ પ્રમાણે કહી, તે વિદ્વાન મિત્રે પોતાના ધાર્મિક મિત્રને નીચે પ્રમાણે પરિગ્રહનો યંત્ર અને તેની નીચે સદ્બોધક કાવ્યો લખી આપ્યાં.




**क्षेत्रं वास्तु हिरण्यं च सुवर्णं धनधान्यके ।**
**द्विपाद् चतुष्पाद् कुप्यंच त्यजेन्नवपरिग्रहान् ॥ १ ॥**

ક્ષેત્ર, વાસ્તુ ( ઘર ) હિરણ્ય ( રૂપું ) સુવર્ણ, ધન, ધાન્ય, દ્વિપાદ, ( સ્ત્રી, પુત્ર, પોપટ, મેના વિગેરે ) અને ચ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તુષ્પાદ્ ( ગાય, ઘોડા વિગેરે ) આ નવ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરવો.

**परिग्रहमपत्त्वाद्धि मज्जत्येव भवांबुधौ ।**
**महापोत इव माणी त्यजेत्तस्मात्परिग्रहम् ॥ २ ॥**

"જેમ હદ ઉપરાંત માલ ભરવાથી સમુદ્રમાં વહાણુ ડુબી જાય, તેમ પ્રાણી હદ ઉપરાંત પરિગ્રહની મમતા રાખવાથી આ સંસાર સમુદ્રમાં ડુબી જાય છે." ૨.

તે ગૃહસ્થ હંમેશાં આ યંત્ર તથા તેના કાવ્યોને ક્ષણે ક્ષણે વાંચતો અને મુનિ પાસેથી પરિગ્રહ પરિમાણનું વ્રત લઈ ગૃહ વ્યવહારમાં પ્રવૃત્તિ કરતો હતો. તેમ કરવાથી છેવટે તે ઘણો ધાર્મિક થઇ આત્મસાધન કરવામાં તત્પર થયો અને સાત ક્ષેત્રમાં પોતાના ધનનો ઉપયોગ કરી તેણે માનવ જીવનને પૂર્ણ રીતે કૃતાર્થ કર્યું.

આ સદ્બોધક દ્રષ્ટાંત લઇ દરેક મનુષ્યે પરિગ્રહની પીડા ન થાય, તેમ પ્રવર્ત્તવું જોઇએ. કદિ વ્યાપાર કલામાં પરિગ્રહની વિશેષ વૃદ્ધિ થાય તો તેનો સત્વર સદુપયોગ કરવા ચુકવું નહીં. નહિ તો વિજળીના જેવી ચંચળ લક્ષ્મી ચાલી જશે, અથવા તો પરિગ્રહની પીડાનું પાત્ર થવાશે.

# જૈન સોળ સંસ્કાર.

## ૬ ષષ્ઠી સંસ્કાર.

ક્ષીરાશન સંસ્કાર કર્યા પછી ષષ્ટી સંસ્કાર કરવામાં આવે છે. તે સંસ્કાર બાળકનો જન્મ થયા પછી છઠે દિવસે સંધ્યાકાલે કરવામાં આવે છે. આ સંસ્કારમાં સૂતક ગણવામાં આવતું નથી. તેને માટે આગમમાં એવું વચન છે કે, "તીર્થમાં, આવશ્યક કાર્યમાં અને ષષ્ટી પૂજન કાલમાં સ્વકુલને વિષે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂતક ગણવું નહીં. ” ષષ્ઠી સંસ્કારમાં આઠ માતૃકાઓનું સ્થાપન અને પૂજન કરવામાં આવે છે. સૂતિકાગૃહની ભીંત અને જમીન ઉપર સૌભાગ્યવતી સ્ત્રીઓની પાસે લેપન કરાવી તે ઉપર જેમાં શુક્ર અને બ્રહસ્પતિના તારા દેખાતા હોય, તે દિશા તરફ ભીંતને ખડી કે ચુનાથી ધોળાવવી અને બીજી ભૂમિના ભાગના ચોકને મંડિત કરાવવો. દિવાલના શ્વેત ભાગ ઉપર સધવા સ્ત્રીઓને હાથે, કંકુ, હીંગલો વિગેરેના રંગથી આઠ માતાઓની ઉંચી, બેઠી અને સૂતી આકૃતિઓ કરવામાં આવે છે. વળી કુલાચાર પ્રમાણે તેની છ છ આકૃતિઓ પણ લખાય છે. આકૃતિ કર્યા પછી સૌભાગ્યવતી સ્ત્રીઓ ગીત મંગળ ગાય છે અને ગૃહસ્થ ગુરૂ સુંદર આસન ઉપર બેસી તે માતૃકાઓની પૂજા કરે છે.

તે પૂજામાં બ્રહ્માણી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, ઈંદ્રાણી, ચામુંડા, અને ત્રિપુરા—એ આઠ માતાઓનાં નામ લેવામાં આવે છે. અને તેમની મંત્રોચ્ચાર પૂર્વક પૂજા કરવામાં આવે છે. તેમનું આવ્હાન, સંનિધાન, અને સ્થાપન કરી, ગંધ, પુષ્પ અને અક્ષત વિગેરે ઉપચારો અર્પણ કરવામાં આવે છે. તે અર્પણ કરતી વખતે જૈન વેદોના મંત્રોના ઉચ્ચાર કરવામાં આવે છે, જેમાં તે માતૃકાઓના ગુણ તથા સ્વરૂપનું વર્ણન કરેલું છે. તે પછી બેઠી અને સુતેલી માતૃકાઓનું પણ જૈન વેદ મંત્રોથી ત્રણ વાર પૂજન થાય છે. કેટલાએક અહીં **ચામુંડા** અને ત્રિપુરા એ બે માતાઓનું પુજન છોડી દઇ છ માતાનુંજ પજન કરે છે.

માતૃકા એ કુળદેવીઓ છે. શાસન દેવીઓ જેમ ધર્મના શાસનની પ્રેરક થાય છે અને ધર્મ કાર્યમાં આવી પડેલા વિઘ્નોને દૂર કરે છે, તેમ માતૃકાઓ શ્રાવક શિશુઓને ભવિષ્યમાં તેમના કુલાચારમાં સહાય કરે છે. કુલાચાર પ્રમાણે પ્રવર્ત્તન કરતાં જે કાંઇ વિઘ્ન આવે, તેને માતૃકાઓ દૂર કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી આ સંસ્કારનો હેતુ લૌકિકમાં એવો પણ છે કે, ષઠીનું પૂજન એ ભાગ્યદેવીનું પૂજન છે. પુર્વના કર્મથી જે ભાગ્યનો બંધ થયો હોય, તે બંધ પ્રમાણે પ્રવર્ત્તન કરવામાં એ ષષ્ઠી પૂજનના સંસ્કારની અધિષ્ટાયક દેવીઓ સહાયભૂત થાય છે એજ ઉદ્દેશથી પૂજન કર્યા પછી નીચે પ્રમાણે સ્તુતિનો ઉચ્ચાર કરવામાં આવે છે.

**ब्रह्माद्या मातरोऽप्यष्टौ स्वस्वास्त्रबलवाहनः ।**
**षष्ठीसंपूजनात्पूर्वं कल्याणं ददतां शिशोः ॥ १ ॥**

" બ્રહ્માણી વિગેરે આઠ માતાઓ પોત પોતાના અસ્ત્ર, બલ અને વાહન સહિત આ ષષ્ટી પૂજનથી પૂર્વે આ શિશુને કલ્યાણ આપો "

આ માતૃ સ્થાપનની ભૂમિની આગળ ચંદનનું લેપન કરી તે ઉપર માતા રૂપ ષષ્ઠીનું સ્થાપન કરવામાં આવે છે. તે પછી તે સ્થાપનનું દહીં, ચંદન, અક્ષત અને દ્રો વિગેરેથી પૂજન કરવામાં આવે છે. એ ષષ્ઠી દેવીના સ્વરૂપનું વર્ણન આચાર દિનકરમાં ઘણું માંગલ્યરૂપે કરવામાં આવ્યું છે. જ્યારે ગૃહસ્થ ગુરૂ હાથમાં પુષ્પ લઇ તે મહાદેવીનું આહ્વાન કરે છે, ત્યારે તે કહે છે કે, હે ષષ્ઠી દેવી, તમે આંબાના વનમાં બેઠાં છો. કદંબના વનમાં તમે વિહાર કરો છો. તમારે બે પુત્ર છે. નરવાહન ઉપર તમે સ્વારી કરો છો. અને તમારૂં શ્યામ અંગ છે. હે દેવી, તમે અહિં પધારો.

આ પ્રમાણે એ મહાદેવીનું આહ્વાન કર્યા પછી તે રાત્રે ષષ્ઠી જાગરણ કરવામાં આવે છે. તે પ્રસંગે સૌભાગ્યવતી સ્ત્રીઓ મંગલ ગીત ગાય છે અને વાજિંત્રોના નાદ કરવામાં આવે છે.

બીજે દિવસે પ્રાતઃકાલે ગૃહસ્થ ગુરૂ આવી સ્થાપન કરેલી આઠ માતાઓ અને ષષ્ઠી દેવીનું વિસર્જન કરે છે. વિસર્જન કરતી વખતે ગૃહી ગુરૂ " **ॐ भगवति माहेश्वरि पुनरागमनायस्वाहा** " એ મંત્ર બોલે છે. મંત્રનો ભાવાર્થ એવો છે કે, " હે ભગવતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માહેશ્વરિ તમે પુનઃ પધારજો. ” સ્થાપિત દેવીઓનું વિસર્જન કર્યા પછી ગૃહસ્થ ગુરૂ પંચ પરમેષ્ઠી મંત્રથી પવિત્ર કરેલા જલ વડે તે શ્રાવક શિશુની ઉપર અભિષેક કરે છે. તે વખતે નીચેનો જૈન વેદ મંત્ર ઉચ્ચારી આશીર્વાદ આપે છે.—

**ॐ अर्हं जीवोऽसि । अनादिरसि । अनादिकर्मभागसि । यत्त्वया पूर्वं प्रकृति स्थितिरसप्रदेशैराश्रववृत्त्या कर्म बद्धं तद्बंधोदयोदीरणासत्ताभिः प्रतिभुंक्ष्व । मा शुभकर्मोदयफलभुक्तेरुच्छेकं दध्याः । नचाशुभकर्मफलभुक्त्या विशादमाचरेः । तवास्तु संवरवृत्त्या कर्मनिर्जरा अर्हं ॐ ॥**

આ મંત્રનો ભાવાર્થ ઘણો તત્વજ્ઞાનથી ગર્ભિત છે. દરેક પદ સંહેતુક અને શ્રાવક શિશુની ભવિષ્યની ધાર્મિક સ્થિતિના સૂચક છે. તે સાથે શિશુસ્વરૂપ શ્રાવકના જીવાત્માને આશીર્વાદ રૂપે બોધક છે. ગૃહસ્થ ગુરૂ કહે છે કે, હે બાળક ! તું જીવ છે–અનાદિ છે, અને અનાદિ કાળથી કર્મને ભજનાર છે. પૂર્વે પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશવડે આશ્રવ વૃત્તિવડે કરીને તેં જે કર્મ બાંધેલું છે; તે કર્મને બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાથી ભોગવી લે. શુભ કર્મના ઉદયના ફલને ભોગવવાથી ખેદ પામીશ નહીં. અને સંવર વૃત્તિથી તને કર્મ નિર્જરા પ્રાપ્ત થાઓ. આ આશીર્વાદાત્મક મંત્રનું રહસ્ય ઘણું મનન કરવા યોગ્ય છે. તે સાથે ષષ્ઠી પૂજનના હેતુને પુષ્ટિદાયક છે. લૌકિકમાં પણ કહેવત છે કે, “છઠીના લખાયા લેખ ટળતા નથી ” એ કહેવતનો ભાવાર્થ આ મંત્રથી સિદ્ધ પણ થાય છે. આ સંસારમાં આવેલા જીવને અનાદિથી કર્મ ભોગવવાં પડે છે. આશ્રવ તત્ત્વ જીવને કર્મના બંધનું હેતુ છે. તેનાથી જે કર્મ બંધાયેલું છે, જે છઠીના લેખ જેવું છે, તે ભોગવ્યા શિવાય છુટકો નથી; માટે મંત્રમાં જણાવ્યું છે કે, જે કર્મ આશ્રવથી બાંધ્યું છે, તેને હે જીવ, તું ભોગવ્ય. આ પ્રમાણે જણાવી વળી બોધ રૂપે જણાવે છે, હે જીવ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કદિ તારે શુભ કર્મ ઉદય આવે અને તેનું શુભ ફલ ભોગવવું પડે તે વખતે તું છકી જઇશ નહીં અને કદિ અશુભ કર્મ ઉદય આવે અને તેનું નઠારૂં ફલ ભોગવવું પડે તે વખતે તું ખેદ કરીશ નહીં. આમ કહી છેવટે આશીષ આપે છે કે, હે જીવ, સંવર વૃત્તિને લઇને તારા કર્મની નિર્જરા થાઓ" કહેવાનો આશય એવો છે કે, હે જીવ, તું ભવિષ્યમાં સંવર વૃત્તિ રાખજે. તેથી કરીને તારા કર્મની નિર્જરા થશે. આ ષષ્ઠી સંસ્કારનો હેતુ પણ તેમ થવામાંજ સાર્થક છે. કર્મની અધિષ્ઠાત્રી ષષ્ઠી દેવી તને સંવર કરવામાં સહાય કરશે. પૂજેલી અષ્ટમાતાઓ પણ તેમાં અનુકૂલ થશે.

સંવરવૃત્તિ એ શ્રાવકસંતાનનું ઉપાસનીય તત્ત્વ છે. યાવજ્જીવિત ધર્મ કાર્ય કરીને પણ સંવર તત્ત્વ સાધવાનું છે. આ ષષ્ઠી સંસ્કારના મંત્રો તે શ્રાવક શિશુને તેનોજ સંસ્કાર આપે છે. એ સંસ્કાર અત્યારે શ્રાવકોના સંતાનોને મળતો નથી, એ ખરેખરૂં શોચનીય છે. આચાર દિનકરના કર્તાએ શ્રાવકોની ધાર્મિક ઉન્નતિ કરવાને મહાન્ પ્રયત્નથી સંસ્કારમાર્ગ પ્રકાશિત કર્યો છે, તથાપિ પ્રમાદપિશાચે ગ્રસ્ત કરેલી જૈનપ્રજા તે પવિત્ર માર્ગની સામે દ્રષ્ટિપાત પણ કરતી નથી, એ અવસર્પીણી કાળનોજ મહિમા છે.

અપૂર્ણ.

# જૈન ગ્રેજ્યુએટ્સનું કર્તવ્ય.

કેળવાયેલ મનુષ્યો બીનકેળવાયેલ કરતાં વધારે સહેલાઇથી ઘણા વિષયો સમજી શકવા સંભવિત અને સમર્થ છે. જે વર્ગના ઘણા ગ્રહસ્થો, ઉંચા પ્રકારનું સંસ્કૃત અને ઇંગ્રેજી જ્ઞાન ધરાવવા ઉપરાંત જૂદા જૂદા ઇતિહાસો, ફીલોસોફીઓ, સાયંસની અંદર સમાતા વિષયો આદિનાં મૂળ તત્વો સમજેલ હોવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાર્વજનીક બાબતો અને કેટલાક નવિન શોધ ખોળ કરવાને ઉપયોગી થઇ શકે એ શક્ય છે, એવા કેળવાયેલ ભાઇઓનાં ચારિત્રો સદ્વર્તન-ઉદ્યોગ-શાંત પ્રકૃતિ અને દેશ કલ્યાણનાં કાર્યમાં ઉત્સાહથી જોડાવાથી નમુનેદાર થઇ પડે અને તે ઉપરથી ધડો લેવાય એમ થવાની જરૂર છે. કેળવાયેલ વર્ગનું ઉપયોગીપણું ઇતર વર્ગે સ્વીકારી તેમની સેવા ગ્રહણ કરવી અને તેમને નડતી મૂસ્કેલીઓ દૂર કરાવવાની સહાય થવાની જરૂર છે. કેળવાએલ વર્ગે પોતાનું ઉદર પોષણ કરવાના ઉદ્યોગમાંજ મશગુલ રહી બીજાઓને તેમના હિતાહિતનો માર્ગ બતાવવાની કોશીશ ન કરવી એ યોગ્ય નથી. કેળવાયેલ વર્ગ શાસ્ત્રની ભાષા ખીલવવાને પ્રયત્ન કરી શકે તેમ છે. એ કેળવાએલ વર્ગ પોતે મેળવેલ ઊંચા પ્રકારની કેળવણીની ઉપયોગિતા સમજી તેનો લાભ પોતાની ભવિષ્યની પ્રજાને આપવાને કોશીશ કરવાને શક્તિવાન છે. એ ભાઇઓમાંથી થોડાએક પરમાર્થી ભાઇઓ જો પોતાનું જીવન થોડી રોજીથી જૈન કોલેજ કાઢવાને અર્પણ કરે તો જૈન ભાઇઓને સસ્તામાં સારી કેળવણી મળી શકે એ ઉપરાંત જૈન શાસ્ત્રની ભાષા-પુસ્તકો માટે શોધ ખોળ કરી શકી તેના ઇતિહાસો વ્યાકરણ અને ફીલોસોફીને અજવાળામાં લાવી તેના ઉપયોગિપણાનો દરવાજો સર્વે પ્રજા માટે ખુલ્લો કરવાને સમર્થ થઇ શકે.

માગધી-પ્રાકૃત-અને પાલી ભાષાઓનો અભ્યાસ વધારી તેને વધારે સરલ અને અગત્યતાવાળો કરવા સારૂ તે ભાષાઓનાં વ્યાકરણ, કોષ, કાવ્ય સાહિત્યને પ્રગટ કરાવી હિંદની દરેક ભાષા ધારે તે શીખવાની યોજનાઓ-હિંદની અર્વાચીન ભાષાઓ સાથે તેનો સંબંધ એ ભાષાનો ઇતિહાસ અને દેશ પરદેશની ભાષાઓ સાથેનો મુકાબલો-મળતાપણું વિગેરે પ્રગટ કરવાના પ્રયત્નો કરી ચીન-જાપાન વિગેરે એશિયાટીક દેશોના જે ધર્મો આપણા ધર્મ સાથે કાંઇક અંશે મળતાપણું રાખે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમનાં પુસ્તકો વિગેરે સાથે યોગ્ય ગુણ પંક્તિ વધારવા સારૂ ઘટતા પ્રયત્નો કરીને તથા જર્મની–ફ્રાન્સ–ઇંગ્લાંડ–અમેરિકાના વિદ્વાનોને અભ્યાસ કરવાને વધારે લાલચ ઉત્પન્ન થાય એવી રીતે તેમને સગવડતા કરી આપવાને સહાય કરવી જોઇએ છીએ. આપણા દેશની યુનીવરસીટીઓમાં આપણા ધર્મની ભાષા અને ફીલોસોફીઓનો અભ્યાસ કરાવવાનો સ્વીકાર નથી થયો તે ભારે તાજુબીની વાત છે. પણ એમ કરવાને વાસ્તે અભ્યાસની સામગ્રી તથા અભ્યાસ કરનારની સંખ્યા જોઇએ છીએ તે વધારવાનો પ્રયત્ન કરવો જોઇએ.

જૈનધર્મીઓની અંદર સુલેહ સંપ વધે–તેમના તરફથી થતી સખાવતોનો રૂડો ઉપયોગ થાય. તેમનામાં સાંસારિક અને ધાર્મીક સવાલોનો અભ્યાસ વધે તથા તેનું ઉપયોગી પણું ખીલી નિકળે, એવું એવું થવા સારૂ વિદ્વાન ગ્રેજ્યુએટસ્ ભાઇઓએ જાહેર સવાલોમાં ભાગ લેવાની ખાસ અગત્ય છે. જનસમૂહને તેમના કલ્યાણ સારૂ જેઓ પ્રેરણા કરે તેઓના તરફ જનસમૂહ હમેશાં અમીદ્રષ્ટિથી જુવેજ. જે દેશની જમીન ઉપર જન્મી હવા પાણી અને ખોરાક લહી ત્યાંજ કેળવાયા–પોતાની જ્ઞાતી અને ધર્મીઓમાં વસ્યા–જ્યાં જૂદી જૂદી જ્ઞાતીઓ અને ધર્મીઓને હળ્યા મળ્યા. એ બધાંના બદલામાં જો કંઇપણ કલ્યાણીક કાર્ય કરવામાં આવે તો તેથી કર્તવ્યસિદ્ધિ થશેજ. દયામય ધર્મનો ખાસ એ ઉદ્દેશ છે કે પોતે આત્માર્થી થઇ પોતાના આત્માનું કલ્યાણ કરવાને પ્રયત્ન કરવો તથા અન્ય જીવો જે ભુલાવામાં પડી કર્મના બંધનોમાં વધારે વધારે કેદ થતા જતા હોય તેમને બચાવવા યત્ન કરવો જોઇએ છીએ.

સાધુઓને તેમના માર્ગમાં નડતી અડચણો દૂર કરાવવાને શ્રાવકોએ યત્ન કરવો જોઇએ. અને શ્રાવકોને વ્યવહાર, ધર્મ અને નીતિના માર્ગો સમજાવી તેમને યોગ્ય ધર્મ માર્ગ ઉપર મૂકવાનું કામ સાધુ વર્ગનું છે. એ બંને ઉપરથી અરસપરસની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મર્યાદા મુકરર થાય છે. એ મર્યાદા જાણવા-સમજવા અને અનુભવવા માટે ઊંચી કેળવણી સર્વેથી વધારે અગત્યની છે. એ અગત્ય આપણો ગ્રેજ્યુએટ વર્ગ વધારે લાયકાત ભરેલી રીતે પૂરી પાડે છે. તો એ લાયકાતવાળા ગૃહસ્થોએ પોતાને મળેલાં સારાં શિક્ષણનો યથાર્થ ઉપયોગ કરવો ઘટીત છે.

જનમંડળમાં હાલની ઉંચી કેળવણીના કોઇ કોઈવાર દોષો બતાવવામાં આવે છે એમ થવાનું કારણ-કેટલાએક કેળવાએલ ગૃહસ્થોમાં ધાર્મીક અભ્યાસની ગેરહાજરી, અતડાપણું અને કાંઇક અંશે અવિનય યુક્ત રહેણી એ છે. એવી ખામીઓ ત્યાગીને કેળવણીનો મોભો તેમજ પોતાનો મોભો જાળવવા સારૂ બહુજ વિવેક રાખીને કેળવાએલ વર્ગે પોતાનું ચારિત્ર સ્થાપન કરવું જોઇએ છીએ કે જે નમુનેદાર હોઈ બીજા ભાઇઓ પસંદ કરી તે પ્રમાણે વર્તતાં શીખે.

દેશ અને કાળની મર્યાદા નજર બહાર રહેવી ન જોઇએ. પોતાના એકના લાભ એ સર્વેને અલાભકર્ત્તા થઇ પડે ત્યાંથી પાછા ખસી સર્વેના લાભ એમાં પોતાનો ભાગ છે એમ સમજીને ઉદાર મનોબળ રાખવું જોઇએ. આવેલ વખત હાથમાં રહેવાનો નથી. વખત વિદ્યુત્ વેગે ચાલ્યો જાય છે, તેને પકડી શકાતો નથી. એ વખતનો જેમ સારો ઉપયોગ થઇ શકે તેમ કરવાને પછાત રહેવું ન જોઇએ. કેળવણી કાંઇ એક નોકરી માટેજ નિયત થયેલ નથી. ઉદરપૂરણા માટે જેમ નોકરી છે, તેમ કુટુંબ-જ્ઞાતિ-ધર્મ અને સર્વ જીવાત્મા માટે સેવા કરવાની છે. એવી સેવા અમુક ભોગ આપીને પણ કરવાની જરૂર છે. વખત નથી, ફુરસદ નથી, ખાલી માથાકુટ કોણ કરે એવી એવી જડતાઓને દૂર રાખીને નિરંતર દેશસેવા તથા જનસેવામાં તત્પર રહેવું જોઇએ છીએ. એક દેશની ખરેખરી આબરૂ એ તેના કેળવાએલ વર્ગ ઉપર આધાર રાખે છે. તો તે આધારે રહેલાંઓને ઘટીત લાભ આપવો જોઇએજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્તમાન પત્રો—સભાઓ—અને દરેક ખાતાંઓમાં જેમ બને તેમ ભાગ લેવો. જાહેરખાતામાં કામ બજાવવા સારૂ આમંત્રણુ નો ખોટીપો રાખવોજ ન જોઇએ. યોગ્ય જનોએ તો પોતાના અંધારામાં પડી રહેલા ભાઇઓને બહાર કાઢવા એ એમની ફરજ જ છે. જ્યાં પોતાનીજ કાર્યમાલીકી છે ત્યાં આમંત્રણુ શું ? નવાં નવાં સદ્‌ઉદ્યોગો—નવાં નવાં કમાઇ કરવાનાં ઉત્તમ સાધનો અને નવી નવી સરળતાઓને કેમ ગમ્ય કરવી તે માટે જો કેળવાએલ વર્ગ કામ કરે તો તે ઘણું કરી શકે તેમ છે. અમુક કરે છે માટે અમારે કરવા જરૂર નથી એવી વૃત્તિને દૂર ધકેલી દઇને અમુક કરે છે એમાં મારે કેવી રીતે સહાય થવું એ વિષે વિચારો કરવા જોઇએ છીએ. જેમ જેમ ઉત્તમ ભાવનાઓ ભાવશો તેમ તેમ તમારી ઉત્તમતા વધતી જશે અને કાર્યમાર્ગ સહેલો અને મન ગમતો થતો જશે. દૂર્ઘટ માર્ગોમાં પણ પ્રેમ પૂર્વક યત્ન કરશો તો દૂર્ઘટતાને સ્થળે સરળતા થશે—અને કર્તવ્યો સહેલાં થઇ પડશે.

યૂરોપના વિદ્વાનો પરદેશ—પરધર્મ અને પારકા ઇતિહાસ તથા ભાષા માટે કેટલો બધો પ્રેમ રાખી શોધ ખોળ કરે છે તે વાત ધ્યાનમાં લ્યો. આપણાં પુરાતન દેરાસરો અને જ્ઞાનનો ઉદ્ધાર કરવાનાં કામ નજર આગળ પડયાં છે તો તમારે અત્યારે આહાર—વિહારનાં વિષય પરત્વે રોકાઇ રહેતા વિચારોને ત્યાંથી ખસેડી, સાંસારિક પાયાના બંધનોને દૂર કરી પરમાર્થ અને પરમાત્માનો વિચાર કરતાં શીખવાની અતિ ગંભીર આવશ્યક્તા છે. એ બધાં માટે સહેજ સાજ પ્રયાસ કોન્ફરન્સ તરફથી પ્રગટ થતાં " જૈનહેરલ્ડ " આદિ પત્રોમાં માલમ પડતો જાય છે. તો પણ હજી વિદ્વાન વર્ગે પુરાતન વખતમાં રચેલ કાવ્યો—ગાથાઓ અને કથાઓને પ્રકાશમાં લાવવાનું કાર્ય બાકીમાં છે. પુરાતન દેવભાષામાં રચાએલ ગ્રંથોનાં ભાષાંતર કરવાનું કાર્ય બહુ જરૂરીઆત વાળુ છે, એવા પુસ્તકો સમજવા સારૂ તે ઉપર ટી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાઓ રચાતી જાય તેમ તેમ તેમની ઉપયુકતતા વધતી જશે. પશ્ચિમ અને પુર્વનાં જ્ઞાનનો અદલો બદલો કરાવવાને સાધનરૂપ ગ્રેજ્યુએટ્સનો અમૃતમય ગુચ્છ આ બધું કરી શકે તેવો છે.

આ બધી બાબતોપર પૂર્ણપણે વિચાર મનન કરી, મારી આ મંગળમય સૂચના–વિનંતી અને આમંત્રણનો એ પુણ્યશાળી ભાઇઓ સ્વિકાર કરી પોતાને યોગ્ય લાગે તે શ્રેણિએ અમૂક વખત મુકરર કરીને ઉપયોગ કરવો ચાલુ કરશે એવો મારો આગ્રહ અને ભરૂસો છે.

**શાહ નારણજી અમરશી, વઢવાણ.**

---

# કચ્છમહોદય
## અથવા
# મુનિવિહારથી થતા લાભ.

મુનિવિહારના અભાવને લઇને કચ્છ દેશમાં ઘણાં વખતથી મિથ્યાત્વનું મલિન અંધકાર વ્યાપી ગયેલું છે. કેટલાએક શ્રાવકને ન ઘટે તેવા અનાચારો તે દેશમાં પ્રસરી ગયા છે. ત્યાં ઓસવાલ શ્રાવકો ખેતીનો ધંધો કરે છે. એ મલિન ધંધાથીજ તેમનો નિર્વાહ ચાલે છે. દયાધર્મની પાલક શ્રાવક પ્રજા આવો શુદ્રનો ઉદ્યમ પ્રવર્ત્તાવે, એ ઘણા અપશોષની વાત છે. પર્યુષણ જેવા પવિત્ર પર્વની અઠાઇના દિવસોમાં પણ કચ્છી જૈનો પોતાના કુટુંબના પરિવાર સાથે ખેતીનું કામ કરવા જાય છે. જે સમયે બીજા દેશોમાં શ્રાવક પ્રજા પોતાના ધર્મનો ઉદ્યોત કરવા પ્રવર્ત્તે છે, પોતાનું કલ્યાણ કરવાને યથાશક્તિ ઉજમાળ થાય છે, તેવે સમયે કચ્છની બીચારી નિર્ભાગી પ્રજા આત્માને દુર્ગતિ આપનારા હિંસાના કાર્યો કરે છે. પર્વના પવિત્ર દિવસોમાં પણ કચ્છી જૈનો શેવા કુટવાનું છોડતા નથી. કદિ પોતાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘેર તેવો પ્રસંગ હોય તો લાચારીથી તેવું કામ કરવું પડે, પણ કચ્છીઓ તો ગામ પરગામ પણ એને માટે શ્રેણીબંધ જાય છે. કચ્છમાં ધાર્મિક જ્ઞાનના અભાવથી બીજા પણ કેટલાએક દુરાચારો પેશી ગયા છે. તેઓ વિવાહ તથા મરણ પ્રસંગે સ્વામિવાત્સલ્ય કરે છે, પણ તે ભોજન રાત્રિને સમયે થાય છે. દીવાઓની શ્રેણીમાં બેસીને કચ્છની અજ્ઞ પ્રજા ભોજન કરે છે; તે પ્રસંગે અણગલ પાણી વપરાય છે અને તેમાં કોઇ કોઇ વાર પંચેંદ્રિય જીવની પણ હિંસા થઇ જાય છે. તેના દ્રષ્ટાંત રૂપે કુસણા એક ગામમાં શીરામાંથી એક મરેલો ઉંદર નીકળ્યો હતો. આવા દુરાચારોને દૂર કરવાને માટે મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ તથા પન્યાસ શ્રી સંપત્‌વિજય મહારાજની ઉપદેશ વાણી સફલ થઇ છે. મોટી ખાખરના જૈન સંઘે બે ઠરાવ પસાર કર્યા છે. પર્યુષણ પર્વમાં થતાં સ્વામિવાત્સલ્યમાં અણગલ પાણી વાપરવું નહીં અને રાત્રિએ રસોઇ કરવી નહીં. હંસવાણીના પ્રભાવથી ખાખરની તે બે મોટી ખોટો દૂર થઇ છે. પ્રભાવિક મુનિરાજના ચાતુર્માસનો પ્રભાવ અતુલિત છે. એ પ્રભાવને લઇને કચ્છની જૈન પ્રજા દુરાચારથી દૂર થતી જાય છે. આ પ્રસંગે ખાસ કહેવાની જરૂર છે કે, કચ્છમાં આવેલા બીજા ગામોમાં પ્રવર્ત્તતા દુરાચારોને દૂર કરવાના ઉપાયો લેવાની જરૂર છે. એ ઉપાય જૈન કોન્ફરન્સ તરફથી લઇ શકાય તેમ છે. કચ્છના પ્રત્યેક ગામે ઉપદેશકો મોકલવા જોઇએ અને કચ્છમાં વ્યાપેલા દુરાચાર રૂપ અંધકારને દૂર કરવું જોઇએ.

---

# મદત્યાગ અને પ્રશમરતિ.

લેખક, સન્મિત્ર કર્પૂરવિજય.

( ઉમાસ્વાતિ મહારાજના વચનની વાનકી ).

૧ જાતિ, ૨ કુળ, ૩ રૂપ, ૪ બળ, ૫ લાભ, ૬ બુદ્ધિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ વાલ્લભ્ય અને ૮ શ્રુત મદથી અંધ થઈ ગયેલા બાપડા જીવો આ ભવનું કે પર ભવનું પોતાનું ખરૂં હિત પણ સમજી શકતા નથી.

સંસાર પરિવર્તન કરતાં કોટિલક્ષ જાતિયોમાં હિન-ઉત્તમ-મધ્યમપણું જાણી કોણ વિવેકી મદ કરશે. ?

કર્મની વિચિત્રતાથી વિવિધ જાતિમાં એકેંદ્રિયાદિક તરીકે જીવ ઉપજે છે તો પછી કઇ કોની શાશ્વતી જાતિ જાણવી. ?

વિશાળ કુળમાં ઉત્પન્ન થયા છતાં, રૂપ, બળ, શ્રુત, મતિ અને શીલની હીનતા તથા ધનની હીનતા દેખી ખરેખર કુળમાન પણ ત્યજવા યોગ્યજ છે.

જેનો આચાર અશુદ્ધ છે તેને કુળમદ કરવાનું શું પ્રયોજન ? અને શુદ્ધ આત્મગુણાલંકૃત એવા શીલવંતને પણ કુળમદનું શું પ્રયોજન ?

શુક્ર ( વીર્ય ) અને શોણિત ( રૂધિર )થી ઉપજતા તથા નિમિત્ત યોગે હાનિવૃદ્ધિને પામતા અને રોગ-જરાના સ્થાનરૂપ એવા દેહમાં રૂપમદનો અવકાશજ ક્યાં છે ?

અશુચિમય હોવાથી નિરંતર સાફસુફ કરવા યોગ્ય, ત્વચા અને માંસથી આચ્છાદિત, અશુચિપૂર્ણ, તથા નિશ્ચે વિનશ્વર એવા દેહ સંબંધી રૂપમાં મદ કરવાનું કારણજ શું છે ? (છતાં તેનો મદ કરનાર કેવળ મૂર્ખજ છે).

મનુષ્યબળ સમ્પન્ન છતો ક્ષણવારમાં તીવ્ર વ્યાધિ યોગે નિર્બળ થઇ જાય છે, અને બળહીન છતો ખીરજવાળા ઉપાય યોગે પાછો બળવાન થાય છે. તે માટે બુદ્ધિબળથી બળનું અનિયમિતપણું સમ્યગ્ વિચારીને અને મૃત્યુના બળની પાસે કોઇનું કંઇપણ બળ નકામું જાણીને બુદ્ધવંતે બળમદ પણ ન જ કરવો જોઇએ.

પૂર્વકૃત કર્મઅનુસારે ઉદ્યમાદિકયોગે લાભહાનિ થતી વિચારીને લાભ મળ્યે છતે મદ કરવો નહિં અને અલાભ છતે વિસ્મય સેવવો નહિ. લાભાલાભમાં હર્ષ ખેદ નહિ કરતાં સમભાવે રહેવું ઉચિત છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાતાએ પ્રસન્નતાથી આપેલા ઉપભોગયોગ્ય વિશાળ વસ્ત્રાદિકનો લાભ થયે છતે શ્રેષ્ઠ સાધુ મદને ભજે નહિ અર્થાત્ લાભ મદ કરેજ નહિ. અપૂર્વ સૂત્રાર્થનું ગ્રહણ, તેજ બાબત બીજાને સમજાવવી, નવી રચના કરવી, વિચારણા ( આત્મા, કર્મ, બંધ, મોક્ષાદિક સૂક્ષ્મ પદાર્થોને યુક્તિ પૂર્વક વિચારવા ) અને ધારણાદિક બુદ્ધિના ગુણોમાં અનંતગણું તરતમપણું હોવાથી પૂર્વ પુરૂષસિંહોનું સમુદ્રની જેવું વિજ્ઞાનાતિશયનું અનંતપણું સાંભળીને આ કાળના અલ્પમતિ પુરૂષો કેમ બુદ્ધિમદ કરે ?

ભિખારીની જેમ ઉપકારની ખાતર ખુશામત કરીને-સામાના ગુણ ગાઇને તેની જે વલ્લભતા પ્રીતિ મેળવવામાં આવે તેથી શો મદ કરવો ?

પરપ્રસાદાત્મક વલ્લભતાનો જે મદ કરે છે તેને તેનો નાશ થયે છતે અત્યંત શોક-પરિતાપ વ્યાપે છે, એમ સમજી શાણાએ હું ' જનપ્રિય ' છું એવો ગર્વ કરવો નહિ. કેમકે તેની તેવી માન્યતાથી કવચિત્ અપ્રીતિ યોગે ભારે કલેશ પેદા થાય છે. ભાવથી ગ્રહણ કરેલા એકપણ પદથી જડમતિ છતો મોક્ષ સુખ સાધી શકે છે એવું 'માસતુષ' મુનિનું દષ્ટાંત સાંભળીને " હું **બહુ ભણ્યો છું**, તેનો અર્થ પણ બરાબર જાણું છું " એવો ગર્વ કરવો વિવેકવંતને વ્યાજબી નથી. તેમજ બહુશ્રુત શ્રી સ્થૂલભદ્ર મુનિનું અતિ વિસ્મયકારી વૈક્રિયસિંહરૂપનું ધારવું ( પોતાની બેન જખ્ખાદિક સાધ્વીને બતાવવા ) સંપ્રદાયથી સાંભળીને પણ પ્રજ્ઞામદ કરવો નહિ.

આગમધરનો સંસર્ગ અને શાસ્ત્રાર્થ શ્રવણ કરવામાં આદર-ઉત્સાહ તે બંને કારણથી સુલભ, અને ચરણ-કરણરૂપ મૂળઉત્તરગુણને નીપજાવનારૂં તથા સર્વ મદને હરનારૂં શ્રુત જ્ઞાન પામીને તેજ શ્રુતજ્ઞાન વડે મોક્ષાર્થીજને શામાટે મદ કરવો જોઇએ ?

આ આઠે પ્રકારના મદ કરવામાં તત્વ વિચારતાં જો કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ગુણ હોયતો તે એજ કે કેવળ સ્વહૃદયનો ઉન્માદ (ઉન્મત્તતા) અને તેથી સંસારની વૃદ્ધિ. જાતિ વગેરે મદથી મત્ત થયેલો આજ ભવમાં પિશાચની પેરે દુઃખી થાય છે અને પરભવને વિષે નિચે હલકી જાતિ, કુળ વગેરે પામે છે.

એમ સમજીને સર્વ મદને મૂળથીજ ઉખેડી નાંખવાના અર્થી મુનિઓએ સ્વગુણપ્રશંસા અને પરનિંદા એ બે વાનાં સદા સર્વથા ત્યજવાં યોગ્ય છે. પારકી હેલના તથા નિંદા કરવાથી અને આપ બડાઇ કરવાથી એવું તો નીચ ગોત્ર કર્મ બંધાય છે કે તે અનેક કોટિ ભવ ભ્રમણ કરતાં પણ છૂટી ન શકે–અનેક કોટિ ભવમાં નીચ જાતિ કુળમાં અવતરવું પડે, રૂપ–બળ સંપત્તિ હીન થાય અર્થાત્ નિસ્તેજ તથા નિર્બળપણું પામે, ઢંઢણની પેરે-લાભાં તરાયથી કંઇપણ ઇષ્ટ વસ્તુ મેળવી ન શકે, બુદ્ધિ હીન થાય, લોકમાંપણ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં અળખામણો–અપ્રિય થાય, અને કલ્યાણકારી એવો શ્રુતજ્ઞાનનો લાભ પામી ન શકે એમ સમજી સુદીર્ઘદર્શી થઇ સર્વમદત્યાગપૂર્વક પ્રશમરતિપ્રિય થવું.

ઉદય પામેલા ગોત્ર કર્મના અનુસારે મનુષ્યોનું હીનોત્તમ-મધ્યમપણું તથા તેજ મુજબ એકેંદ્રિય, બેઇંદિય, તેઇંદિય, ચઉરિંદિય અને પંચિંદિય રૂપ તિર્યંચનું પણ હીનોત્તમમધ્યમપણું દેશ, કુળ, દેહ, વિજ્ઞાન, આયુષ, બળ, ભોગ અને વિભૂતિ-વૈભવનું વિષમપણું જોઇને વિદ્વાન્ પુરૂષોને આ નારકાદિ ભવસંસારમાં રતિ–પ્રીતિ કેમજ થાય ? કર્મોદય નિમિત્ત શુભાશુભ લક્ષણવાળા દેશાદિકની પ્રાપ્તિ સમ્યગ્ વિચારી વિવેકીજને સંસારથી વિરક્તજ થવું જોઇયે અને આપ્તઆગમવિહિત ધર્માનુષ્ટાનમાં અત્યંત આદરવંત થવું જોઇયે.

## રાગદ્વેષત્યાગ અને દુષ્ટઇંદ્રિયજય.

પાંચે ઇંદ્રિયના બળથી પરવશ થયેલો અને રાગ–દ્વેષમાં પરિણત થયેલો, ગુણદોષનો વિચાર કરવા અશક્ત છતો સ્વપરનું અહિતજ કરે છે માટે શુભ પરિણામ ટકાવી રાખવા સારૂ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ–દ્વેષનો ત્યાગ કરવા અને પાંચે ઇંદ્રિયોને પ્રશાંત કરવા પ્રયત્ન કરવો જોઈએ.

કેવી રીતે પ્રયત્ન કરવો તે બતાવે છે—

અનિષ્ટ નરકાદિ ફળ આપનાર વિષયનીજ ઇચ્છા કરનાર આ ભોગાસક્ત જીવને તે વિષય સાથે સર્વથા વિયોગવિરક્તતા થાય એટલા માટે અત્યંત વ્યાકુળ હૃદયવાળાએ પણ સર્વજ્ઞ શાસ્ત્રનો એવો અભ્યાસ કરવો જોઇયે કે જેથી તે વિષયોનો અત્યંત ક્ષય થાય. પ્રથમતો તે વિષયો કુતૂહુલકારી–ઉત્સવભૂત મનાય છે, મધ્યમાં–વિષયસેવનસમયે શ્રંગાર હાસ્ય કોપાદિ યુક્ત હોવાથી દીપ્ત રસવાળા અને અંતે–વિષયસેવન અનંતર બિભત્સ (નવસ્ત્રહોવાથી) તથા કરૂણા, લજ્જા અને ભય યુકતજ પ્રતીત થાય છે.

જો કે સેવન કરાતા વિષયો પ્રથમ તો ક્ષણમાત્ર મનને હુર્ષ ઉપજાવે છે, પરંતુ કિંપાકફળભક્ષણની પેરે તે પાછળથી અતિ દુઃખદાયી નીવડે છે. જેમ બહુ પ્રકારનાં મિષ્ટ અન્નપાન વિવિધ શાકયુકત સ્વાદિષ્ટ છતાં વિષ મિશ્ર ખાધાં પીધાં હોયતો તે વિપાકકાળે જીવનો વિનાશ કરે છે, તેવીજ રીતે વિવિધ ઉપચાર વિશિષ્ટ સ્નેહ રાગાતિશયથી સેવેલા વિષયો સેંકડો ગમે ભવસંતતિમાં અતુલ પરિતાપને આપે છે.

વળી પ્રત્યક્ષ પ્રમાણથી નિશ્ચયે આયુષ્યનું ક્ષણિકપણું જાણતાં છતાં જેઓને વિષય સુખમાં રતિ થાય છે તેમને તત્ત્વકુશળ તો મનુષ્યની ગણત્રીમાં પણ ગણતો નથી.

વિષયમાં રકત થયે છતે રાગદ્વેષ યુકત મલિન પરિણામથી જીવ વિવિધ કર્મબંધ કરે છે માટે જેમ રાગદ્વેષની હાનિ થવા પામે તેમ પાંચે ઇંદ્રિયના વિષયથી વિરકત રહેવા મુમુક્ષુએ પ્રયત્ન કરવો જોઇયે. માધ્યસ્થ્ય (મધ્યસ્થતા), વૈરાગ્ય, વિરાગતા, શાન્તિ, ઉપશમ, પ્રશમ, દોષક્ષય, અને કષાય–(રાગદ્વેષ) જય એ સર્વે વૈરાગ્યના પર્યાય છે.

અપૂર્ણ.

For Private And Personal Use Only